# અમારે જલસા ક્યારે કરવાના?

સામાન્ય રીતે વિદ્યાર્થીઓ ચંચળ હોય છે. એકધારી કોઈ પણ પ્રવૃત્તિ એમને રૂચતી નથી. જોકે માનવમાત્ર એક જ પ્રકારના યંત્રવત્ જીવનથી કંટાળી જાય છે, તે પોતાના જીવનને અલગ-અલગ જીવનના રંગોથી ભરી દેવા માગે છે. ઘણા તત્ત્વવેત્તાઓ કહેતા હોય છે ને કે 'Life is beautiful'. ખરેખર જીવન સુંદર જ છે, માણસ નકામાં ઉપાધિનાં પોટલાં બાંધીને ફરે છે, પંખીઓ અને પશુઓ શું આવતી કાલની ચિંતા કરે છે? જોકે સુરક્ષિત જીવન જીવવા માટે સામાન્ય ચિંતા અને દોડાદોડી હોય તે સ્વાભાવિક છે, પરંતુ આપણે ક્યારેક જીવનને વધારે ગંભીર બનાવી દઈએ છીએ. જીવન પ્રત્યેની અસામાન્ય ચિંતા માનવજીવનને વધારે બેરંગ, બેડોળ, ભારેખમ અને અસ્તવ્યસ્ત બનાવી દે છે.

આપણા ધર્મગ્રંથો પણ માનવજીવનના દરેક પાસા સંદર્ભે સ્પષ્ટ જણાવ્યું છે તે અનુસાર માનવજીવનને ચાર આશ્રમોમાં વહેંચવામાં આવ્યું છે. આ આશ્રમપદ્ધતિ જીવનના દરેક તબક્કા માટે ધર્મ, કર્તવ્ય અને જીવનશૈલી નિર્ધારિત કરી આપે છે. જેમાં પ્રથમ તબક્કા વિશે વાત કરીએ તો તેને બ્રહ્મચર્યાશ્રમ તરીકે ઓળખવામાં આવે છે, જે આશરે 0 થી 25 વર્ષ સુધીનો હોય છે. જીવનના આ તબક્કાને શિક્ષણ અને શિસ્તના તબક્કા તરીકે પણ આલેખિત કરી શકાય. આ સમયગાળા દરમિયાન ગુરુકુળમાં રહેવું, ધર્મશાસ્ત્ર અને વિજ્ઞાનનું અધ્યયન કરવું વગેરે અધ્યયનલક્ષી કાર્યો કરવાનાં રહે છે. તદ્ઉપરાંત બ્રહ્મચર્ય, સદાચાર અને ઇંદ્રિયસંયમ વિશે પણ વાત કરવામાં આવી છે. આ તબક્કો ખરેખર જીવનના ધ્યેયને નિર્ધારિત કરવા માટેનો મહત્ત્વપૂર્ણ અને નિર્ણાયક તબક્કો છે. જો આ ઉંમરમાં જીવનને યોગ્ય ઘાટ આપવામાં આવે તો ખરા અર્થમાં જીવન જીવવા જેવું બને છે.

બીજા તબક્કાની વાત કરીએ તો તેને ગૃહસ્થાશ્રમ કહેવાય છે, જે 26થી 50 વર્ષનો હોય છે. જેમાં લગ્ન કરીને કુટુંબનિર્માણ કરવું, નોકરી-ધંધા દ્વારા અર્થોપાર્જન કરવું. સમાજ, કુટુંબ અને વૃદ્ધો માટે જવાબદારી ઉઠાવવી. કહો કે ધર્મ, અર્થ અને કામ જેવાં ત્રિવિધ કાર્યો આ તબક્કા દરમિયાન પરિપૂર્ણ કરવાનાં રહે છે. જીવનના તૃતીય તબક્કાને વાનપ્રસ્થાશ્રમ તરીકે જોવામાં આવે છે, જે 51થી 75 વર્ષ સુધીનો હોય છે. આ સમયગાળા દરમિયાન મનુષ્યને દુનિયાદારીમાંથી ધીમેધીમે પોતાની જાતને વિમુખ કરવા જણાવ્યું છે અને પોતાના શિર પરથી જવાબદારી ઓછી કરી સંતાનને જવાબદારી સોંપવાની વાત ઉલ્લેખવામાં આવી છે. આ સમયગાળા દરમિયાન જીવનને વધુ ને વધુ અધ્યાત્મ તરફ વાળવાનો અંગુલિનિર્દેશ પણ કરવામાં આવ્યો છે. સંસારથી દૂર રહીને આત્મવિચાર અને શાંતિ તરફ પ્રયાણ કરવાનો આ ખરો તબક્કો છે. જીવનનો અંતિમ અને ચોથો તબક્કો સંન્યાસાશ્રમનો જે 75 વર્ષ પછીના જીવનનો છે, જેમાં સમગ્ર સંસારથી સંબંધ ત્યાગવાની વાતને સમજાવવામાં આવી છે. ઈશ્વરભક્તિ, ધ્યાન અને મોક્ષપ્રાપ્તિ માટે જીવનને દોરી જવાનો ઉલ્લેખ કર્યો છે. ત્યાગ, વૈરાગ્ય અને આધ્યાત્મિક જીવન જીવીને અંતિમ ધ્યેય સાધવું એ વાત તરફ દિશાનિર્દેશ કરવામાં આવ્યો છે. આ આશ્રમપદ્ધતિ જીવનના દરેક તબક્કાને યોગ્ય અને સાચી રીતે જીવન જીવવાનું અને મૂલવવાનું પાથેય પૂરું પાડે છે.

આપણે અહીં જીવનના પ્રથમ અને પાયાના તબક્કા વિશે વિચારવિમર્શ કરવો છે. હમણાં-હમણાં અમારી શાળાના વિદ્યાર્થીઓ માટે એક કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તજ્જ્ઞ અને સારસ્વતમિત્રો દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં એક વિદ્યાર્થિનીએ સ્વાભાવિક રીતે પ્રશ્ન પૂછ્યો, ‘સર, અમારે નકરું વાંચવાંચ અને ભણભણ જ કરવાનું? અમારે જલસા ક્યારે કરવાના?’ સ્વાભાવિક રીતે પૂછેલા આ વેધક પ્રશ્ને અમને

થોડા સમય માટે વિચારતા કરી મૂક્યા. આજના મોટા ભાગના વિદ્યાર્થીઓ ભણવાથી અને વાંચવાથી કેટલા કંટાળી ગયા છે તેની સાબિતી આ પ્રશ્ન આપી દે છે, એવું અનુભવવા મળ્યું. જોકે વિદ્યાર્થીજીવન તો ત્યાગ, વિદ્યાતપ અને જિજ્ઞાસાથી ભર્યુંભર્યું હોવું જોઈએ. આપણાં શાસ્ત્રોમાં પણ વિદ્યાર્થીજીવન વિશે ઘણું લખાયું છે. આમેય વિદ્યાર્થીઓને સુખ ક્યાંથી હોય? તેઓએ જીવનનાં શરૂઆતનાં વર્ષોમાં આકરી વિદ્યાસાધના કરીને પોતાના ભવિષ્યને સુરક્ષિત કરવાનું રહે છે, જેથી તેમનું ભવિષ્ય ઉજ્જ્વળ બની રહે. જે વિદ્યાર્થીઓ આ સમયગાળા દરમિયાન પગ લાંબા કરીને બેસી રહે છે તેને ભવિષ્યમાં અન્ય લોકો પાસે હાથ લાંબો કરવાનો વખત આવે છે!! વિદ્યાર્થીઓએ આ સમયને પારખીને તનતોડ મહેનત કરવાની રહેતી હોય છે, એક તત્ત્વચિંતકે યોગ્ય જ કહ્યું છે, 'ખુદ કો પરિશ્રમ સે જોડ દો, બાકી સબ ઈશ્વર પર છોડ દો.' આમેય ભગવદ્‌ગીતામાં કહ્યું છે કે 'કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન.' કિન્તુ આજના બહુધા વિદ્યાર્થીઓ ધૈર્ય ધરી શકતા નથી. એમને ખૂબ ટૂંકા, ઉપરછલ્લા અને બિનવ્યવહારુ પ્રયાસથી સફળતાનો સ્વાદ ચાખી લેવો છે. એમ સફળતા કંઈ રસ્તામાં પડી છે? સફળતા માટે નિરંતર અને થાક્યા વગર રાતદિવસ એક કરવાં પડે છે ત્યારે સફળતા આપણને સાંપડે છે!!! કહેવાય છે કે 'સફળતાના કોઈ શૉર્ટકટ નથી.' અને 'કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી.' આ ધ્યેયવાક્યોને વિદ્યાર્થીજીવનમાં પૂરેપૂરા આત્મસાત્ કરનારા જ સફળતાને વરે છે.

આજના સુખસગવડોના સમયમાં વિદ્યાર્થીઓ પાસે અભ્યાસોપયોગી સામગ્રી સુલભ અને હાથવગી બની છે. આંગળીના ટેરવે દુનિયાભરની માહિતી પળ વારમાં મેળવી શકાય એવી સુવિધા મળતી થઈ છે. મનોરંજનનાં માધ્યમો દિનપ્રતિદિન વધતાં જાય છે, વિદ્યાર્થીઓને પોતાના ધ્યેયથી ચલિત કરનારાં પરિબળોનો પ્રભાવ પણ વધતો જાય છે, આવા સમયે અર્જુનની જેમ એક લક્ષ્ય નિર્ધારિત કરી લક્ષ્યવેધ કરવો દુષ્કર જણાઈ રહ્યો

છે. સાંપ્રતમાં જ્યારે ભોગવાદી વિચારધારાનું સામ્રાજ્ય વિસ્તરતું જાય છે, ત્યારે વિદ્યાર્થીઓ માટે અલગ-અલગ પરિબળોનો ત્યાગ કરવો જાણે કપોળકલ્પના બની રહેતી હોય તેવું ભાસી રહ્યું છે.

આજના ઘણાખરા વિદ્યાર્થીઓની માનસિકતા કઠોર મહેનતના સંદર્ભમાં તેમની સંકીર્ણ બનતી હોય તેવું લાગી રહ્યું છે. ઓછી મહેનતે વધારે મેળવી લેવું તે તેમના જીવનનો મુદ્રાલેખ બની રહ્યો હોય તેવું પ્રતીત થયા વગર રહેતું નથી. કોઈ પણ ક્ષેત્રમાં સફળતા મેળવવા માટે તે તલપાપડ બની રહે છે, પણ એની સામે મહેનત ક્યાંક ઓછી હોય છે, તે આંખે દેખ્યું સત્ય છે. આખરે સફળતા કંઈ એમ એકાએક મળતી નથી, પરંતુ એક દિવસ જરૂર મળે છે. વિદ્યાર્થીઓએ હાર્ડવર્ક જ નહીં, પરંતુ સ્માર્ટ હાર્ડવર્ક કરવાની જરૂર છે. શિક્ષકમિત્રોએ જરૂર પડે ત્યાં વિદ્યાર્થીઓને સહાયભૂત થઈને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાના છે. વિદ્યાર્થીઓ પોતાના ધ્યેયથી વિચલિત ન થાય તે પ્રકારની પ્રેરણા પણ પૂરી પાડવાની છે. વિદ્યાર્થીની આકરી અને સાતત્યપૂર્ણ મહેનત એક દિવસ જરૂર રંગ લાવે છે. આમેય શ્રીફળ વધેરવામાં પ્રથમ પ્રયત્ને ક્યાં સફળતા મળે છે? જ્યારે શ્રીફળ વધેરાય છે અને તેનું અમૃતસમું પાણી મળે છે ત્યારે અગાઉના પ્રયત્નોનો પણ ફાળો હોય છે તે ન ભૂલવું જોઈએ.